અપીલ અરજી નં.૩૯૯ તા.૧૧–૨–૧૦

અરજદારઃ– શ્રી સુરેશ એમ. પટેલ
સામાવાળાઃ– શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ. પટેલની તા.૧૧–૧–૧૦ ની અરજીથી સુરત શહેર હરિપરા ધોબીશેરી નાકે રામજીમંદિરની બાજુમાં ૫/૫૭૨ વાળી મિલ્કતમાં જરીગીલીટના બાકડા ચાલે છે જેમાં જવલનશીલ પદાર્થ (કેમીકલ્સ) વપરાશ કરે છે જેનાકારણે કેમીકલ્સની ખુબ જ વાસ આવે છે તે બાબતે સુ.મ.પાના સંબંધિત વિભાગોમાં સુરેશ એમ. પટેલ તેમજ આજુબાજુના રહીશોએ કઈ કઈતારીખે અરજી કરેલ તે અરજીની નકલ ફાળવવી અને તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૧–૨–૧૦ ની અપીલ અરજી નં.૩૯૯/૨૦૦૯–૧૦

શ્રી સુરેશ એમ. પટેલની તા.૧૧–૧–૧૦ ની અરજીથી સુરત શહેર હરિપરા ધોબીશેરી નાકે રામજીમંદિરની બાજુમાં ૫/૫૭૨ વાળી મિલ્કતમાં જરીગીલીટના બાકડા ચાલે છે જેમાં જવલનશીલ પદાર્થ (કેમીકલ્સ) વપરાશ કરે છે જેના કારણે કેમીકલ્સની ખુબ જ વાસ આવે છે તે બાબતે સુ.મ.પા.ના સંબંધિત વિભાગોમાં સુરેશ એમ. પટેલ તેમજ આજુબાજુના રહીશોએ કઈ કઈ તારીખે અરજી કરેલ તે અરજીની નકલ ફાળવવી અને તેની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૧–૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૧૩ તા.૧૮–૨–૧૦ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને સેન્ટ્રલઝોન/આરટીઆઈ/આ.નં.૧૭૪૨ તા.૫–૩–૧૦ ના રોજ અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને માહિતી આપવા માટે પાઠવેલ પત્ર નં.સીસીસી/સી.ઝેડ/૪૧૨ તા.૪–૨–૧૦ ના પત્રની નકલ, અરજદારને આપેલ માહિતીના પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૬૧૦ તા.૧૮–૨–૧૦ ના પત્રની નકલ તેમજ કેમીકલ્સની તીવ્ર વાસ અંગેની ફરીયાદ અંગેની નકલ અત્રે પૂરક વિગતોમાં મળેલ છે.

અરજદારની તા.૧૧–૧–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબતે કરેલી અરજી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૫૧૨ તા.૧–૨–૧૦ થી પાના નંગ–૧ રૂ.૨/– ભરપાઈ કરી માહિતી મેળવી લેવા જણાવેલ. જે અંગે અરજદારે રસીદ નં.૨૫૯૯૧૫ તા.૪–૨–૧૦ થી નાણા ભરપાઈ કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૬૧૦ તા.૧૮–૨–૧૦ થી પત્રપાઠવી માંગવામાં આવેલી અરજીની નકલ અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. તથા જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ પૂરક વિગતોમાં સદર કેમીકલ્સની તીવ્ર વાસની ફરીયાદ બાબતેની આરોગ્ય અધિકારીને અરજી કરેલ છે. જયારે અરજીની માહિતીમાં આરોગ્ય ફાયર અને ગુમાસ્તા વિભાગમાંથી નકલ અને માહિતી માંગેલ છે. અરજીની નકલ જોતાં અરજી ફકત આરોગ્ય વિભાગને કરવામાં આવેલ છે. જે અરજીની નકલ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી દિન–૫ ના વિલંબથી પૂરી પાડેલ છે. ફરીયાદ અરજી જોતાં આરોગ્ય સિવાય અન્ય વિભાગોમાં અરજી કરેલ નથી અને જયારે જે જાહેર માહિતી અધિકારીને અરજી કરેલ હોય તેઓ તરફથી આંશિક માટે તબદીલ ન કરી હોય તે સંજોગોમાં બાબત હેઠળની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી તેમના નિયંત્રણ હેઠળની એકત્રિત પૂરી પાડેલ હોવાનું માનવાને કારણ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૧–૧–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ હોઈ અપીલ અંગે વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો નથી અપીલ દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન),..જાણ તથા અમલ માટે
(૨) શ્રી સુરેશ એમ. પટેલ